શ્રી

મોતીસીંહ ને સુલક્ષણી નાટક

અથવા

નારી દુર્ગુણ નિષેધક નાટક.

બનાવી પ્રસિદ્ધ કરનાર

મહેતા નારણદાસ જમનાદાસ

તથા

પારેખ નારણદાસ લલુભાઈ ધંધુકાવાળા.

પ્રત ૫૦૦.

અમદાવાદ

કાગદીઓળની સામે શાં. હીરાભાઈ પુંજાસાના
મકાનમાં "અમદાવાદ ટાઇમ્સ" પ્રેસમાં
શા. કાળીદાસ સાંકળચંદે છાપ્યુ.

સંવત ૧૯૪૬—સને ૧૮૯૦

કિંમત ૦-૫-૦ પોસ્ટેજ ૦-૦-૬

પ્રસ્તાવના.

આ ચોપડી અમે એકાએક બનાવેલ છે તેમાં અ- મારા મીત્રો તરફથી અમોને સલાહ મળી કે જે આ નાટક બનાવવું જેથી અમોએ આ ચોપડી ઘણી ટુંક મુ- દતમાં પુરી કરી છે. જ્યારે હેન્ડબીલ છપાવ્યાં ત્યારે ૪૦ પૃષ્ટ ધારવામાં હતા પણ આગળ બનાવતાં ૬૦ પૃષ્ટ થયાં છે તો અમને આશા છે કે બીજી આવૃતિ છપાવાનો વખત પાસે આવશેજ. આ ચોપડી ગાયનમાં બનાવવાનું કારણ એટલુંજ કે હાલ તરૂણ વયના બાળકો તેમ મોટા માણસોને પણ ગાયનનો શોખ વધી ગયો છે તો આ અ- ર્થે બધા વાંચે.

આ ચોપડી બનાવતાં અમારા સ્વદેશીઓ (ગામના) તરફથી ઉત્તેજન મળવાને બદલે ઘણી અડચણ થઈ હતી પણ અમારા સારા ભાગ્યે તે વીઘ્નમાંથી પાર પડી આ ચોપડી છપાવી આપની શેવામાં ધરવાનો લાભ લીધો છે અને અમે કાંઇ કવી નથી તેમ કોઈ વખત ચોપડી પણ બનાવેલ નથી અને આ અમારૂ પહેલુંજ પ્રયત્ન છે તેથી પદ્યમાં ભુલ ચુક હશે! અમે એવો ફાંકો ધરાવતા નથી કે નહી હોય તો સહૃદયસ્થો ગદ્યમાં તેમ પદ્યમાં સુ- ધારી વાંચવા તસ્દી લેશે એવી આશા છે. તા૦ ૬–૭–૫૦.

લી. ગ્રંથકર્ત્તા.

પાત્ર

સુત્રધાર—નાટકાચાર્ય
વિદુષક—રંગલો
મોતીશીંહ—ગઢીપુરનો રાજા
પ્રધાન—તેનો
સૈન્યાધીપતી—તેનો (વિજયશીંહ)
અભેશીંહ—નારશીંહનો પટાવત
સુલક્ષણી—મોતીશીંહની સ્ત્રી
દાસી—તેની
મોણતશીંહ—મોતીશીંહનો પટાવત
પૃથ્વીરાજ—મોતીશીંહનો પટાવત
ખબરપત્રી—નારશીંહનો સંદેસો લઈ જનાર
સામતસીંહ અને બખરૂવાહન—પૃથ્વીરાજનો પટાવત
દુદો—જાસુસ
સુરસેન—નારશીંહનો ચોપદાર
માનશીંહ—પૃથ્વીરાજનો બાપ
પ્રધાન—તેનો
સૈન્યાધીપતી—તેનો
મધુમુખી—નારશીંહની રાણી
ચંદ્રાવળી—માનશીંહની રાણી
જાલંધર—જોગી
કોદાળનાથ—પથ્થરભર—જાળંધરના શીષ્ય
મધુસુદન—મોતીશીંહનો દીકરો
ગોરખનાથ—એક અબધુત
મીઠાનભાર્થી, કેવળપુરી, ભગવાનભાર્થી
ચંપકરાણી—મધુસુદનની રાણી વીગરે

મોતીસીંહ ને સુલક્ષણો નાટક.

અથવા

નારી દુર્ગુણ નિષેધક નાટક.

મંગળાચરણ.

ધનાઓનો ગજલ.

શ્રી કૃષ્ણ દીન દીયાળ કૃપા સીંધુ શ્રી કૃષ્ણ દીન દયાળ.
ગોકુલ ને વળી મથુરાં બીરાજો, વૃક્ષ ઘટા ત્યાં વીસાળ. કૃપા૦
પ્રહલાદને વળી આપ ઉગારી, બળી ચાંપ્યો પાતાળ. કૃપા૦
ભક્ત વત્સલની ભાળ લીધો છો, ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ. કૃપા૦
કંસને આપે માર્યો પોતે, હીરણ્યાકંસના કાળ. કૃપા૦
નીરવીઘ્ને આ નાટક પુરૂં થાય, વીનવે છે આ બાળ. કૃપા૦
નારણદાસની એટલી વીનંતી, કૃપા કરોને કૃપાળ. કૃપા૦

સુત્રધાર—સ્તુતી તો થઈ ગઈ પણ વીદુશક હજુ ના આવ્યો.

વીદુશક—(વીચીત્ર ચાળા કરતો) અરે ઓ સુત્રધાર આ શું ધામધુમ થઈ રહી છે?

સુ—ભાઇ વીદુશક આજ મારે નાટક ભજવવું છે તેમાં મને મદદ કરીશ?

વી૦—ભાઈ ત્યારે તો ધામધુમ ને ભેગો કાળો ઓકાહો કારા! કે એ તો મારૂંજ કામ છે પણ સાંભળ.

ગીતી.

લાડુ ભટને ઘીથી ભરેલા લાડુ જોઈ સારા.
જો એ મળશે મુજને તો હું સેવા બજાવીશ પ્યારા.

સુ—ભલે વીદુશક જગજે કાલે સીધું મળશે.
ભુખ તારી આ ભવની કાલે વીદુશક ટળશે.

વી૦—બાછા જબ તો બંદાકાબી કામ હુવા.

સુ૦—પણ તું શું જાણુછ? તે કહીશ.

વી૦—લે સાંભળ ત્યારે હું બોલુછું તેટલી ભાષા ભણ્યોછું.

ધકડેયા, તીકડેયા.
ગમ ગચ્છ અંદરજા.
ધન ગો. (Jn Go)
જીદંગી ખો.

સુ૦—બીજુ કંઈ જાણુછે કે?

વી૦—બીજું શું લાકડીના ઝપાટા ઉપર મીઠું મરચું જોઈએ તો ગાગજે.

સુ૦—ત્યારે તું મને મદદ શું કરીશ?

વી૦—મોતીસીંહની રસોઇ કરીશ

સુ૦—ઠીક ત્યારે તું જા ને હું પણ જાઉ છું. (જાય છે).

પ્રવેશ ૧ લો.

મોતીસીંહની કચેરી,

મોતીસીંહ, પ્રધાન, સૈન્યાધીપતી વીગરે.

મો૦— (ક્ષત્રીકલંક એ રાહ).

સુણો પ્રધાન તમે આ વાત. રાજ કેવી રીતે ચાલેરે.
તમે કહો મુને સાક્ષાત. રાજ૦

પ્ર૦—સુણો રાજાજી તમે આ વાર, રાજ સારી રીતે ચાલેરે.
કદર રાખોને આપ નામદાર. રાજ૦
બીજો પુછો જે આપ હેવાલ. રાજ૦
તેનો હું કરૂં આપ પાસે ખ્યાલ. રાજ૦

મો૦—બોલો ત્યારે પ્રશ્ન પુછું આજ જવાબ આપો મુને તમેરે.
કેવા છે નારસીંગ મહારાજ. જવા૦
કેટલી જમીન છે આપણા રાજમાંય. જવા૦
જેથી દીનનીસ રહે છે ઈયાંય. જવા૦

પ્ર૦—મહારાજા આહી તેમની જમીન તેમનું ખરચ નીકળે તેટલી છે.

મો—ઠીક એતો મોટા જબરા રાજા છે સૈન્યાધીપતી? સૈન્યની વ્યવસ્થા કેવી છે?

સૈ૦—માહારાજ દીવસે દીવસે સૈન્યની હાલત સુધારતો જાઉ છુ.

મો૦—જ્યારે તમારા જેવા સૈન્યાધીપતી છે ત્યારે મારે શી ફીકરકત છે?

વી૦—માહારાજ હું આજ કૃપાસંકર કવીને ત્યાંથી કવીતા જોડતાં શીખ્યો છું.

મો૦—ત્યારે તારી હાસ્યરસવાળી કવીતા ગાઈ સઘળી સભાને ખુશી કર.

વી૦—પણ માહારાજ મારી કવીતા સાંભળી તમે મોંમાં આંગળી ઘાલશો. સાંભળજો.

(જુવો જુવો સ્વયંવર મંડપ દ્રૌપતીનો) એ રાગ

અરે રૂપ સુણો મુજ નારનું.
ગોરી ગોરી સબસેં ગોરી સીઘણુ જેશી સારી.
મેં તો ગોરે મુખકું આગ લગાઉં મુજકું કાળી પ્યારી.
અરે.

લટક મટક કર ચલી બજારમેં. પગમેં લેકર ટોકરી.
કોઈ દેખે કે જાણે એ તો હે રાજાકી છોકરી. અરે.
નળીઆ જેવડું નાકજ એનું ગોળી જેવડુ પેટ.
નીચી વળીને જોવા જાય ત્યારે ભેંસ જાણુ નેઠ. અરે.
કચેરીમાં હું બેસવા આવું થાય કોઈ દી મોડું.
જ્યારે ઘેર જાઉ ત્યારે મારે ખાવું પડે થોડું. અરે
કાજળ જેવું શરીર એનું જાડા જાડા વાળ.
એની પાસે ખાવા માગુ ત્યારે દે છે મુને ગાળ. ૧૯૪.

દા૦—મહારાજ જમવાનો વખત થયો છે.
ચોપદાર—ક-ચે-રી-બ-ર-ખા-સ્ત.

પ્રવેશ ૨ જો.

નારસીંગની કચેરી.

નારશીંગ, પ્રધાન, અભેશીંગ વીગેરે.

ના૦—કેમ પ્રધાનજી આપણા રાજ્ય તરફથી કાંઈ ખબર આવે છે કે નહી?

પ્ર૦—હા સાહેબ કાલેજ સ્વાર આવ્યો હતો તેમાં લખે છે કે સઘળું સલાહ સંપથી ચાલે છે.

ના૦—સૈન્યાધીપતી સૈન્યની હાલત કેવી છે?

સૈ૦—મહારાજ નવાનવા માણસો રાખી જુદી જુદી જાતની કવાયદ શીખવું છું.

ચો૦—મહારાજ. અભેસીંગજી આવે છે.

ના૦—ભલે આવવા દો.

અ૦—નમન કરે છે.

ના૦—આવો. અભેશીંગ કેમ આવવું પડયું?

અ૦—હમણાં આપ પારસમણીપુર પધારશો?

ના૦—કેમ છે? જરૂરનુ કામ હોય તો આવું. કોઈ પટાવત પોતાના દેશમાં ગએલ છે?
અ૦—હા. ચંદ્રશીંહ. પોતાના રાજમાં ગયા છે.
ના૦—ઠીક ત્યારે તમે પ્રધાન વીગેરે એક બીજાનો ગત લઈને રાજ ચલાવજો પછી હું આવીશ.
અ૦—જેવી આપની મરજી.
ના૦—હવે હું ફરવા જાઊં છું.
ચો૦—ક-ચે-રી-બ-ર ખા-રત- (જાય છે.)

પ્રવેશ ૩ જો

એકાંતવાસ.

સુલક્ષણી, દાશી, પછીથી નારશીંગ.

સુ૦—દાશી આજ નારશીંગ હજુ ના આવ્યા?
દા૦—બાઈ સાહેબ હમણાં પધારશે ધીરજ રાખો.
સુ૦—એમના વીના એક ઘડી જાયછે તે ભવ જેવી થઇ પડે છે.
દા૦—હમણાં પધારશે વખત થયો છે.
સુ૦—પણ પાછા રાજા આવશે તો, અડચણ પડશે.
દા૦—હજી રાજાજીને આવવાને વાર છે.

સીતાજીના મહીનાનો રાગ.

સુ૦—સુણ દાસી તું તો આજ, જીવ મારો બળે;
જો આવે મારા પ્રાણ, દુખ મારૂં ટળે.
જીવ બળે છે મારો આજ, સખી જોને શું હશે;
હજુ આવ્યા ન પ્રાણ આધાર, ગતી મારી શી થશે.
ખબર કાઢની તું તો આજ, મુજ માહારાજની;
ભાળ લઇને પાછી આવ, મુજ સીરતાજની.

દાસી મારી કરીને આજ, રાખી મેં તુજને;
મદદ કરીશ તું તો આજ, સખી હો મુજને.

ગીતી.

જલદી જઈને, તેડી લાવ પતી મારો;
આભાર માનીશ હું, સખી અંત સુધી તારો.

દા૦— **સોરઠની ગજલ.**

બાઈ સાહેબ શોક છોડી દો કહું છું આ એક વીચારથી.
આટલો વખત સાથે વર્ણવું કહું શું હું કથી કથી ટેક.
યાર આપનાની આપે તો ભુલાવી દીધી મતી.
તન રૂપ વળી જોઈને લાજી મરે કામદેવ રતી. બાઇ સાહેબ૦

બાઇ સાહેબ કોક આવે છે.

સુ૦—કોણ છે જો જોઇ આવ.
દા૦—એ તો પોતેજ પધાર્યા.
સુ૦—ઠીક ત્યારે તું તારે કામે જા (નારસીંગને નમન કરે છે)
ના૦—કેમ પ્યારી છે તો ખુશીમાં?
સુ૦—આપના દર્શનથી વીશેશ.
ના૦—મારે હમણા પારસમણીપુર જાવું છે.
સુ૦—આપના જવાથી મારા કેવા હાલ થશે?
ના૦—પણ ગયા વગર ચાલે તેમ નથી.
સુ૦—ઠીક ત્યારે પણ વેલા પધારજો. (જાય છે)

પ્રવેશ ૪ થો.

સ્થળ પૃથ્વીરાજનો ઉતારો.

પૃથ્વીરાજ, મોબતસીંગ.

પૃ૦—ચાલો મોહોબતસીંગ આજ બહાર ફરવા જઈએ.

મો૦—ચાલો હું મારો જામો પેહેરી લઉં.
પૃ૦ કઈ તરફ ફરવા જઇશુ?
મો૦—તમે કહો તે તરફ.
પૃ૦—(મનમાં) આપણી ગરજી તો રાજાના મેહેલ તરફ ફરવાની છે

(ચાસન) ચાલો ત્યારે આપણે ચાર ચોક તરફ થઇ રાજાના મેહેલ પાસે શીવમંદીર જઇએ.

મો૦—પણ કાલ તમને દાસી તેડવા આવી હતી માટે તમને બોલાવશે તો મ.રે એકલા જવું પડશે.

પૃ૦—એમાં શી હરકત છે.
મો૦ ઠીક ત્યારે (ચાલો.)

પ્રવેશ ૫ મો.

સ્થળ સુલક્ષણીનો મેહેલ.

સુલક્ષણી ને દાસી પાછળથી પૃથ્વીરાજ ને મોગતસીંગ.

દાસી—   ગીત.

આ સુલક્ષણી તું વીરહાનળથી વ્યાકુળ થઈ યારૂ;
યાર કયો ઈચ્છે છે છાનું રાખે મુજથી શા સારૂ.
સુ૦—જાણી બને અજાણી શાણી દાસી શું પુછે છે;
નથી સુજતું કાંઈ રે મુજને સમર શત્રૂ પજવે છે.
જે મેં તને બતાવ્યો કાલે જરૂખેથી સંધ્યાકાળે;
એ મન મંદીર આવી પ્રેમાગ્નીથી બેન મને બાળે.
દા૦—આપના યાર નાગસીંગ જાણેતો મારી નાખે.

સુ૦—શું કરવા જાણવા દેવું પડે.
દા૦—પણ કદાપી જાણે.

સુ૦—જાણે કે ન જાણે મારેતો એની સાથે યારી કરવીછે.
જો? આ જાય બોલાવ.
દા૦—સાથે બીજું કોઇ છેની.
સુ૦—ભલે હોય એકલાને ઉપર બોલાવ.
પૃ૦—મોહોબતસીંહ આજજ ચાલીને આટલે સુધી આ
વ્યા તે થાકી ગયા.
મો૦—હા થાકી જવાયજ કારણ કે શેહેરને આ કોટથી
આ તરફ આવ્યા કાંઈ શેહેર નાનું છે.
પૃ૦—(મનમાં) અટારીમાંથી ફેરી ઈસારત કરી છેની.
(દાસી પ્રવેશ કરે છે).
દા૦—

ગીતી.

રાજા જરા આ વખતે ઉપર આપ પધારો;
વીરહાનળથી છોડી મુજ બાઇને ઉગારો.
મો૦—સુખે આપ પધારો પ્યારી મંદીર આ વખતે;
માળ ઉપર જઈને આપ બીરાજો તખ્તે.
સુખે આપ પધારો હુંછુ તમારો મીત્ર;
વાત બહાર ન કાઢું રજા આપો જાણી પવીત્ર.
પૃ૦—ભલે જાઓ આ વખ્તે રજા આપું હું તમને;
વળી કાલ આ વખ્તે મળજો ઘેર આવી મને.
મો૦—(મનમાં) ભાઈ હવે કેવા લાગમાં આવ્યાછે હમણા
વાત બાહાર કાઢુંતો જોયા જેવી થાય. કાંઇ નહીં
પણ મોતીસીંહમાં કાંઇ નથી. હું ધારૂં છું જે
થોડા વખતમાં પૃથ્વીરાજ રાજ લેશે. (જાયછે)
સુ૦—

ગીતી.

આપ પધારી અત્રે કૃતાર્થ જનમારો મારો કીધો;
દર્શનલાભ વળી દઈને પાવન આશ્રમ મારો તમે કીધો.

લાવણી.

નમું નમું હું વારંવાર, આ વખ્તે તમને;
આપ પધારી આ વખતે, ખુશી કર્યા અમને.
ભલે પધાર્યા આપ, બીરાજો તખ્તે;
યારી તમશું બાંધું, આજ આ વખ્તે.
મુજ લગની તમશું, લાગી છે તે જાણે;
આપ વીચાર કરી આ વખ્ત પ્યારી પ્રમાણો.

પૃ૦— બનઝારા.

મેં બાંધી તુજશું યારી, અહો મોતીસીંહની નારી;
તુ પીયુ મુને જાણ તુ પ્યારી મારી પ્રમાણ,
તેં ઠીક આ વાત વીચારી અહો મોતીસીંહની નારી. મેં.
તુજમાં ચોટયું મારૂં ચીત ગઇ કાલેથી જાણ ખચીત,
તુ કામણગારી નારી અહો મોતીસીંહની નારી. મેં.

ઠીક પણ હવે હું જાઉ છું. (જાયછે)

પ્રવેશ ૬ ઠો

સ્થળ રસ્તો

ખબરપત્રી પાછળથી વીદુશક.

ખબરપત્રી (એકલો) આહા શું કુદરતી બનાવછે, શાસ્ત્રમાં કહ્યું છે કે બાયડીનો વીશ્વાસ ન કરવો. એ ખરૂં છે, બાયડી જાત કોઈની નહી, રંડાએ એક મુકી બીજો કીધો. બીજો મુકી હવે ત્રીજો કીધો તોય તૃપ્તી નહી થઇ હોય. પણ મારા લાગમાં ઠીક આવીછે કારણ કે તે દીવસ નારશીંગને કહી મારો દંડ કરાવ્યો હતો. માટે આજતો મીઠું મરચું ભભરાવીને નારશીંગને કહું, અરે આ જંગલી જેવો કોણ જાયછે એ આ તરફ વળ્યો.

વી૦—(આડું મોઢું કરીને) જોને ગગો હવે આ કાકાને ઓળખતો નથી.

ખ૦—પણ આ રાતને લીધે ઓળખાતા નથી. તમે કોણ છો?

વી૦—એતો હું બંદો તારો વીદુશક કાકો.

ખ૦—અરે પણ બંદાનો માયનો તો ગુલામ થાય.

વી૦—કયાં છે ગુલાલ લાવને ઉડાડું ને તને હોળી ખેલાવું.

ખ૦—અરે શંખ ગુલામ. (એટલું તાણીને બોલે છે)

વી૦—કયાં છે ગુલાબ લાવને સુંઘુ.

ખ૦—અરે મુરખ ગુ-લા-મ.

વી૦—ત્યારે એમ બોલની.

ખ૦—ત્યારે વીદુશક આમ કયાં જતો હતો.

વી૦—તું કયાં જતો હતો તે કહેતો કહુ.

ખ૦—હું મારી મેળે વીચાર કરતો જતો હતો.

વી૦—શું વીચાર હતો એતો કહે.

ખ૦—રાજ સબંધી વીચાર હતો, તેમાં તું શું સમજે. ખા ખરની ખીલોડી સાકરના સ્વાદમાં શું જાણે.

વી૦—તું ખીલાડી, તારો ભાઈ ખીલાડી અને તારી બેન બીલાડી.

ખ૦—અરે મુઢ એવું બોલછ?

વી૦—મેં મુઢ, ઔર તેરા બાપકુ એક શુંઢ.

ખ૦—છોડીદે રાત જાય છે પ્યારી વાટ જોતી હશે.

વી૦—તારી પ્યારી મને બતાવીશ.

ખ૦—નાળીએર લઈને આવજે.

વી૦—એતો ઠીક તારી મરજી હોય તો બતાવજે પણ કહીશ? કે તેને પુછડું, ચાર પગને, બે શીંગડાં એટલાં વાનાંછે.

ખ૦—એવી બાઈડી તો તારા જેવા જંગલીનેજ જોઇએ.

વી૦—મેં જંગલી તેરા ઘર ખોદકે કરૂં બંગલી.

ખ૦—હવે જા. જક કરતો.

વી૦—રામ. રામ. રામ. રામ, (જાય છે.)

પ્રવેસ ૭ મો

સ્થળ નારશીંગનો મહેલ.

ખબર પત્રી, દરવાન, નારશીંગ.

ખ૦—આ દરવાજો આવ્યો. (દરવાનને) નારશીંગજી આવ્યા.

દ૦—તારે શું કામ છે?

ખ૦—કામ છે કે કહેની ભલા માણુસ.

દ૦—ભલે ભુંડા માણુસ છીએ પણ કહેતો જાવાદઊં.

ખ૦—એમની પાસે કામ છે મફતની માથાફોડ મુકને.

દ૦—જા ત્યારે આવ્યા છે.

ખ૦—(નારશીંગને) એક ખબર લાવ્યો છું આપ તઇઆર ક્યાં થાઓ છો?

લા૦—એતો તું જાણેછેજની મળવા જાઊં છું

ખ૦—નાના ન જાણુશો તમારી તમારા જેવા બીજા નહી મળ્યા હોય?

ના૦—કેમ? કોની સાથે પ્યારમાં પડીછે તે તો કહે?

ખ૦—કોઈ મળ્યા હશે? મારે શું કામ નામ દેવું પડે. પાછો મારો ઓખરો નીકળે.

ના૦—જા તને વચન આપુ છું કે તને કાંઈ હરકત આવવા દઈશ નહી.

ખ૦—એમ ત્યારે તો તમે સાંભળો. તમે ગયા તેને બીજે દીવશે પૃથ્વીરાજ સાથે યારી બાંધી છે.

ના૦—હેં ખરેખર નકી?

ખ૦—એની ખબર મેં મોતીસીંહને કહી છે.

ના૦—ઠીક, ત્યારે હું પણ જાઉતો ખરો. (જાયછે)

પ્રવેસ ૮ મો

સ્થળ એકાંત વાસ.

સુલક્ષણી, પૃથ્વીરાજ, પાછળથી નારસીંહ.

સુ૦—હજુ કેમ પૃથ્વીરાજ ન આવ્યા.

પૃ૦—(પ્રવેશ કરીને) કેમ છે પ્યારી.

સુ૦—કાંઈ નહી પ્રાણનાથ. ચાલો સયનગ્રહમાં.

પૃ૦—ચાલો (થોડીવાર પછી પાછા આવી) પ્યારી હવેતો હું જાઉછું.

સુ૦—ઠીક પ્રાણનાથ વહેલા પધારજો. જાયછે.

ના૦—(જે અત્યાર સુધી સંતાઈને ચરચા જોતો હતો તે પ્રવેશ કરે છે)

સુ૦—(બીતી બીતી નમન કરે છે.)

ના૦—ક્ષત્રી કલંક (એ રાહ).

ધીક ધીક કહુ છું ઓ નાર, નફ્ટ ધીક ધીક તુનેરે.
કહું છું તુને કોટીકવાર   નફ૦